ભારતીય દર્શનોમાં આધ્યાત્મિક વિકાસક્રમ

[૧]

દર્શન એટલે તત્ત્વવિદ્યા. અત્યારે દેશભેદની દૃષ્ટિએ દર્શન બે ભાગમાં વહેંચાઈ જાય છે : યુરોપીય અને ભારતીય. યુરોપીય દર્શનનું ધ્યેય મુખ્ય ભાગે અમુક વિષયોની ચર્ચા કરી તેનું વાસ્તવિક જ્ઞાન મેળવવા પૂરતું છે, જ્યારે ભારતીય દર્શનનું ધ્યેય તે તે વિષયોનું વાસ્તવિક જ્ઞાન મેળવવા ઉપરાંત છેવટે તે દ્વારા મોક્ષ મેળવવા સુધીનું છે.[૧] આ કારણથી ભારતીય દર્શનોના પ્રતિપાદ્ય વિષયનું ક્ષેત્ર સંસાર અને તેની પેલી સ્થિતિ સુધી લંબાયેલું છે. તેમાં મોક્ષનું સ્વરૂપ શું? તેને પ્રાપ્ત કરવાનાં સાધનો કયાં અને કેટલાં? મોક્ષના અધિકારી આત્માનું સ્વરૂપ કેવું છે? સંસાર એટલે શું? ઇત્યાદિ અનેક આધ્યાત્મિક વિષયોની ચર્ચા પ્રધાનપદ ભોગવે છે.

મોક્ષ એટલે આધ્યાત્મિક વિકાસની પૂર્ણતા. આવી પૂર્ણતા કાંઈ એકાએક પ્રાપ્ત થઈ શકતી નથી, કારણ તેને પ્રાપ્ત કરવામાં અમુક વખત વ્યતીત કરવો પડે છે, તેથી જ મોક્ષ મેળવવા માટે આધ્યાત્મિક ઉત્ક્રાન્તિનો ક્રમ સ્વીકારવો પડે છે. તત્ત્વજિજ્ઞાસુઓના હૃદયમાં સ્વાભાવિક રીતે જ એવો પ્રશ્ન ઉદ્ભવે છે કે આ આધ્યાત્મિક ઉત્ક્રાન્તિનો ક્રમ કેવા પ્રકારનો હોય છે? આનો ઉત્તર સ્વતંત્ર રીતે આપવા કરતાં તે સંબંધમાં આર્ય દર્શનોના જે ભિન્ન ભિન્ન વિચારો મળી આવે છે તેનું સંક્ષેપમાં એકત્ર પ્રદર્શન કરી દેવું એ વિશેષ ઉપયોગી છે. એમ ધારી પ્રસ્તુત લેખમાં તે વિચારોનો સંગ્રહ કરવાનો ઉદ્દેશ રાખેલો છે. આ ઉપરથી વાચકને ભિન્ન ભિન્ન દર્શનોની આધ્યાત્મિક ઉત્ક્રાન્તિના ક્રમ સંબંધી વિચારસરણી જાણવાની તક મળશે અને તે ઉપર સ્વતંત્ર વિચાર કરવાની વૃત્તિ ઉદ્ભવશે.

ભારતીય દર્શનોની મુખ્ય ત્રણ શાખા ગણાય : વૈદિક, બૌદ્ધ અને જૈન. પહેલી શાખા બ્રાહ્મણપંથની અને બીજી શાખાઓ શ્રમણપંથની છે. જોકે

---

૧. તે તે દર્શનના મૂળ ગ્રંથ જોતાં આ બાબત આપોઆપ જણાઈ આવે છે. ઉદાહરણ તરીકે જુઓ ન્યાયદર્શનનું પહેલું સૂત્ર, યોગદર્શનનું છેલ્લું સૂત્ર, સાંખ્યદર્શનનું પહેલું સૂત્ર અને વેદાન્તદર્શનનું પહેલું તથા છેલ્લું સૂત્ર. તે જ પ્રમાણે જૈનદર્શન માટે જુઓ તત્ત્વાર્થાધિગમનું પહેલું સૂત્ર.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રાચીન કાળમાં શ્રમણપંથની બીજી અનેક શાખાઓ હતી, પણ આજે તે શાખાઓનાં સ્વતંત્ર સાહિત્ય કે સંપ્રદાય કાંઈ પણ શેષ નથી. શ્રમણપંથની અનેક પ્રાચીન શાખાઓનાં છૂટાંછવાયાં નામ અથવા અસ્તવ્યસ્ત મંતવ્યો વર્તમાન સંપ્રદાયોના સાહિત્યમાં મળી આવે છે.[1] તેમાં આજીવક સંપ્રદાયનું નામ ખાસ નોંધવા જેવું છે, કારણ કે તેનાં અન્ય મંતવ્યો સાથે આધ્યાત્મિક ઉત્ક્રાન્તિના ક્રમને લગતા કેટલાક વિચારો બૌદ્ધ સાહિત્યમાંથી મળી આવે છે. બ્રાહ્મણપંથ અને શ્રમણપંથની અનેક ભિન્નતાઓમાંની એક ભિન્નતા એ છે કે જ્યારે બ્રાહ્મણપંથનું સાહિત્ય મુખ્યપણે સંસ્કૃત ભાષાનું ગૌરવ વધારે છે, ત્યારે શ્રમણપંથનું સાહિત્ય મુખ્યપણે પ્રાકૃત ભાષાનું ગૌરવ વધારે છે. આ કારણથી અને અન્ય કારણથી આધ્યાત્મિક ઉત્ક્રાન્તિના ક્રમને લગતા તે બંને પંથોના વિચારોમાં ભાષાનો, પરિભાષાનો અને પ્રતિપાદન પદ્ધતિનો ભેદ હોય તે સ્વાભાવિક છે, છતાં સૂક્ષ્મ દૃષ્ટિએ નિમજ્જન કરનારને તે વિચારોનું ઐક્ય સમજાયા સિવાય રહે નહિ.

આધ્યાત્મિક ઉત્ક્રાન્તિના ક્રમનો વિચાર આવતાં જ તેની સાથે તેનાં આરંભનો અને સમાપ્તિનો વિચાર આવે છે. તેનો આરંભ એ તેની પૂર્વ સીમા અને તેની સમાપ્તિ એ તેની ઉત્તર સીમા. પૂર્વ સીમાથી ઉત્તર સીમા સુધી વિકાસનો વૃદ્ધિક્રમ એ જ આધ્યાત્મિક ઉત્ક્રાન્તિક્રમની મર્યાદા. તેના પહેલાંની સ્થિતિ એ આધ્યાત્મિક અવિકાસ અથવા પ્રાથમિક સંસારદશા અને તેના પછીની સ્થિતિ એ મોક્ષ અથવા આધ્યાત્મિક વિકાસની પૂર્ણતા. આ રીતે કાળની દૃષ્ટિએ સંક્ષેપમાં આત્માની અવસ્થા ત્રણ ભાગમાં વહેંચાઈ જાય છે : (अ) આધ્યાત્મિક અવિકાસ, (ब) આધ્યાત્મિક વિકાસક્રમ, (क) મોક્ષ.

अ: આત્મા સ્થાયી સુખ અને પૂર્ણજ્ઞાન માટે તલસે છે, તેમ જ તે દુઃખ કે અજ્ઞાનને જરાયે પસંદ કરતો નથી. છતાં તે દુઃખ અને અજ્ઞાનના વમળમાં ગોથાં ખાય છે, તેનું શું કારણ? આ એક ગૂઢ પ્રશ્ન છે, પણ તેનો ઉત્તર તત્ત્વજ્ઞોને સ્ફુરેલો છે. તે એ છે કે "સુખ અને જ્ઞાન મેળવવાની સ્વાભાવિક વૃત્તિથી આત્માનું પૂર્ણાનંદ અને પૂર્ણજ્ઞાનમય સ્વરૂપ સાબિત થાય છે, કારણ કે તે જ્યાં સુધી પૂર્ણાનંદ અને પૂર્ણજ્ઞાન ન મેળવે ત્યાં સુધી સંતોષ પામી શકતો નથી; છતાં તેના ઉપર અજ્ઞાન અને રાગદ્વેષના એવા પ્રબળ સંસ્કારો છે કે જેને લીધે તે ખરા સુખનું ભાન કરી શકતો નથી, અગર કાંઈક ભાન થયું તોપણ તે ખરા સુખની પ્રાપ્તિ માટે પ્રવૃત્તિ કરી શકતો

૧. જુઓ દીઘનિકાય, બ્રહ્મજાલસુત્ત.

Jain Education International   For Private & Personal Use Only   www.jainelibrary.org

નથી." અજ્ઞાન એ ચેતનાના સ્ફુરણનું વિરોધી તત્ત્વ છે. તેથી જ્યાં સુધી અજ્ઞાનની તીવ્રતા હોય ત્યાં સુધી ચેતનાનું સ્ફુરણ અત્યંત મંદ હોય છે. તેને લીધે ખરા સુખ અને ખરા સુખના સાધનનો ભાસ જ થવા પામતો નથી. આ કારણથી આત્મા પોતે એક વિષયમાં સુખ મળવાની ધારણાથી પ્રવૃત્તિ કરે છે અને તેમાં છેવટે નિરાશ થવાથી બીજા વિષય તરફ વળે છે. બીજા વિષયમાં નિરાશ થતાં વળી ત્રીજા વિષય તરફ દોડે છે. આ રીતે તેની સ્થિતિ વમળમાં પડેલ લાકડાના જેવી કે વંટોળિયામાં ઊડતા તણખલા જેવી થઈ જાય છે. આવી કષ્ટપરંપરા અનુભવતાં કાંઈક અજ્ઞાન ઓછું થાય છે, તોય રાગદ્વેષની તીવ્રતાને લીધે સુખની ખરી દિશામાં પ્રયાણ કરી શકાતું નથી. અજ્ઞાનની સહજ મંદતાથી ઘણીવાર એવું ભાન થાય છે કે સુખ અને દુઃખનાં બીજ બાહ્ય જગતમાં નથી, છતાં રાગદ્વેષની તીવ્રતાને પરિણામે પૂર્વ-પરિચિત વિષયોને જ સુખ અને દુઃખનાં સાધન માની તેમાં હર્ષ અને વિષાદનો અનુભવ થયા કરે છે. આ સ્થિતિ ચોક્કસ લક્ષ્ય વિનાની હોવાથી દિશાનો ચોક્કસ નિશ્ચય કર્યા સિવાય વહાણ હંકારનાર ખલાસીની સ્થિતિ જેવી છે. આ જ સ્થિતિ આધ્યાત્મિક અવિકાસ કાળની છે.

ખ. અજ્ઞાન અને રાગદ્વેષના ચક્રનું બળ પણ હંમેશાં જેવું ને તેવું ન જ રહી શકે, કારણ તે બળ ગમે તેટલું વધારે હોય તોપણ છેવટે આત્મિક બળ સામે તો અલ્પજ છે. લાખો મણ ઘાસ અને લાકડાંને બાળવા તેટલા જ અગ્નિની જરૂર નથી હોતી. તે માટે તો અગ્નિનો એક કણ પણ બસ છે. શુભ પ્રમાણમાં થોડું હોય તોપણ તે લાખો ગણા અશુભ કરતાં વધારે બળવાન હોય છે. જ્યારે આત્મામાં ચેતનતાનું સ્ફુરણ સહજ વધે છે અને રાગદ્વેષ સાથેના આત્માના યુદ્ધમાં જ્યારે રાગદ્વેષની શક્તિ ઘટે છે, ત્યારે આત્માનું વીર્ય, જે અત્યાર સુધી ઊલટી દિશામાં કામ કરતું, તે ખરી દિશામાં વળે છે. તે જ વખતે આત્મા પોતાના ધ્યેયનો નિર્ધાર કરી તે મેળવવા દૃઢ નિશ્ચય કરી લે છે અને તે માટે તે પ્રવૃત્તિ કરવા લાગે છે. આ વખતે આધ્યાત્મિક વિકાસનો પાયો નંખાય છે. હવે પછી આત્મા પોતાની જ્ઞાન અને વીર્યશક્તિની મદદ લઈ અજ્ઞાન અને રાગદ્વેષ સાથે કુસ્તી કરવા અખાડામાં ઊતરી જાય છે; કદાચ તે ક્યારેક હાર ખાય છે, પણ છેવટે તે હારના પરિણામે જ વધેલ જ્ઞાન અને વીર્યશક્તિને લઈ હરાવનાર અજ્ઞાન અને રાગદ્વેષને દબાવતો જ જાય છે. જેમ જેમ તે દબાવતો જાય છે તેમ તેમ તેનો ઉત્સાહ વધતો જાય છે. ઉત્સાહવૃદ્ધિ સાથે જ એક અપૂર્વ આનંદની લહેર છૂટે છે, અને આનંદની લહરીમાં આનખશિખ ડૂબેલ આત્મા અજ્ઞાન તેમ જ રાગદ્વેષના ચક્રને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વધારે ને વધારે નિર્બળ કરતો પોતાની સહજ સ્થિતિ તરફ આગળ વધતો જાય છે. આ સ્થિતિ આધ્યાત્મિક વિકાસક્રમની છે.

क. આ સ્થિતિની છેવટની મર્યાદા એ જ વિકાસની પૂર્ણતા. આ પૂર્ણતા પ્રાપ્ત થઈ એટલે સંસારથી પર સ્થિતિ પ્રાપ્ત થઈ. તેમાં કેવળ સ્વાભાવિક આનંદનું જ સામ્રાજ્ય હોય છે. આ મોક્ષકાળ.

આટલો સામાન્ય વિચાર કર્યા પછી હવે તે સંબંધમાં પ્રત્યેક દર્શનના વિચારો ક્રમશઃ જોઈએ.

વૈદિક દર્શન

ઉપનિષદ અને અન્ય ગ્રંથોમાં આધ્યાત્મિક વિચારની પ્રધાનતા હોવાથી તેમાં વિકાસક્રમને લગતા વિચારો મળી આવે એ સ્વભાવિક છે. છતાં વૈદિક સાહિત્યમાં યોગદર્શન ઉપભાષ્ય વ્યાસભાષ્ય અને યોગવાસિષ્ઠ એ બે ગ્રંથો એવા છે જેમાં આધ્યાત્મિક વિકાસક્રમ વ્યવસ્થિત રીતે સાંગોપાંગ આલેખાયેલો છે, જ્યારે અન્ય ગ્રંથોમાં તેટલો પૂર્ણ રીતે નથી. તેથી એ બે ગ્રંથોમાંથી જ વૈદિક દર્શનની તે સંબંધી માન્યતા અત્રે જણાવીશું.

યોગદર્શનમાં મહર્ષિ પતંજલિએ મોક્ષના સાધનરૂપે યોગનું વર્ણન કરેલ છે. યોગ એટલે આધ્યાત્મિક વિકાસક્રમની ભૂમિકાઓ. જે ભૂમિકામાં યોગનો આરંભ થાય છે, તે ભૂમિકાથી માંડી અને તે યોગ ક્રમશઃ પુષ્ટ થતાં થતાં જે ભૂમિકામાં પૂર્ણ કલાએ પહોંચે છે ત્યાં સુધીની ચિત્તની ભૂમિકાઓ આધ્યાત્મિક વિકાસક્રમમાં આવી જાય છે. યોગનો આરંભ થયા પહેલાંની ભૂમિકાએ એ આધ્યાત્મિક અવિકાસની ભૂમિકાઓ છે.

આ પ્રકારના સૂત્રકારના અભિપ્રાયને સ્પષ્ટ કરવા માટે ભાષ્યકાર મહર્ષિ વ્યાસે ચિત્તની પાંચ ભૂમિકાઓ બતાવી છે : (૧) ક્ષિપ્ત, (૨) મૂઢ, (૩) વિક્ષિપ્ત, (૪) એકાગ્ર, અને (૫) નિરુદ્ધ.[૧] આ પાંચમાં પહેલી બે એટલે ક્ષિપ્ત અને મૂઢ ભૂમિકાઓ અવિકાસસૂચક છે. ત્રીજી વિક્ષિપ્ત ભૂમિકા એ અવિકાસ અને વિકાસનું સમ્મેલન છે, પણ તેમાં વિકાસ કરતાં અવિકાસનું બળ ઘણું વધારે છે. ચોથી એકાગ્ર ભૂમિકામાં વિકાસનું બળ વધે છે, અને તે સવિશેષ વધતાં

---

૧ (૧) જે ચિત્ત હમેશાં રજોગુણની બહુલતાથી અનેક વિષયોમાં પ્રેરાતું હોવાથી અત્યન્ત અસ્થિર હોય છે, તે ક્ષિપ્ત. (૨) જે ચિત્ત તમોગુણના પ્રાબલ્યથી નિદ્રાવૃત્તિવાળું બને તે મૂઢ. (૩) જે ચિત્ત અસ્થિરતા વિશેષ હોવા છતાં ક્યારેક ક્યારેક પ્રશસ્ત વિષયોમાં સ્થિરતા અનુભવે તે વિક્ષિપ્ત. (૪) જે ચિત્ત એકતાન—સ્થિર બની જાય તે એકાગ્ર. (૫) જે ચિત્તમાં તમામ વૃત્તિઓનો નિરોધ થઈ ગયો હોય અને માત્ર સંસ્કારો જ બાકી રહ્યા હોય તે નિરુદ્ધ.

Jain Education International   For Private & Personal Use Only   www.jainelibrary.org

પાંચમી નિરુદ્ધ ભૂમિકામાં પૂર્ણ કલાએ પહોંચે છે. તેથી આ રીતે ભાષ્યકારની વિચારસરણીનું સંક્ષેપમાં પૃથક્કરણ કરીએ તો સાર એટલો જ નીકળે છે કે ક્ષિપ્ત, મૂઢ અને વિક્ષિપ્ત એ ત્રણ ભૂમિકાઓમાં અવિકાસ કાળ હોય છે, જ્યારે છેલ્લી બે એકાગ્ર અને નિરુદ્ધ ભૂમિકાઓમાં વિકાસક્રમ અથવા આધ્યાત્મિક ઉત્ક્રાન્તિનો ક્રમ હોય છે.[1] આ પાંચ ભૂમિકાઓ બાદની સ્થિતિ એ મોક્ષકાળ.

યોગવાસિષ્ઠમાં ચેતનની સ્થિતિના સંક્ષેપથી બે ભાગ કરવામાં આવ્યા છે : (૧) અજ્ઞાનમય અને (૨) જ્ઞાનમય. અજ્ઞાનયમ સ્થિતિ એટલે અવિકાસ-કાળ અને જ્ઞાનમય સ્થિતિ એટલે વિકાસકાળ. આ વિકાસકાળ પછી મોક્ષકાળ આવે છે. અજ્ઞાનમય સ્થિતિના સાત વિભાગ કરી તેને સાત અજ્ઞાન-ભૂમિકાઓના નામથી ઓળખાવ્યા છે; જેમકે (૧) બીજજાગ્રત, (૨) જાગ્રત, (૩) મહાજાગ્રત, (૪) જાગ્રતસ્વપ્ન, (૫) સ્વપ્ન, (૬) સ્વપ્નજાગ્રત, અને (૭) સુષુપ્તક.[2]

૧. આ પાંચ ચિત્તોમાં પહેલાં બે તો અનુક્રમે રજોગુણ અને તમોગુણની બહુલતાને લીધે નિઃશ્રેયસપ્રાપ્તિમાં હેતુ થઈ શકતાં નથી; એટલું જ નહિ, બલ્કે તે ઊલટાં નિઃશ્રેયસનાં બાધક છે, જેથી તે યોગકોટિમાં ગણાવા યોગ્ય નથી અર્થાત્ તે બે ચિત્તની સ્થિતિઓમાં આધ્યાત્મિક અવિકાસ હોય છે. વિક્ષિપ્ત ચિત્ત ક્યારેક ક્યારેક સાત્ત્વિક વિષયોમાં સમાધિ મેળવે છે ખરું, પણ તે સમાધિ સામે અસ્થિરતા એટલી બધી હોય છે કે જેથી તે પણ યોગકોટિમાં ગણાવા યોગ્ય નથી. એકાગ્ર અને નિરુદ્ધ એ બે જ ચિત્ત વખતે જે સમાધિ હોય છે તે યોગ કહેવાય છે. એકાગ્ર ચિત્ત વખતે જે યોગ હોય છે તે સમ્પ્રજ્ઞાત અને નિરુદ્ધ ચિત્ત વખતે જે યોગ હોય છે તે અસંપ્રજ્ઞાત. જુઓ પાતંજલદર્શન, પાદ ૧, સૂ. ૧ વ્યાસભાષ્ય તથા વાચસ્પતિ મિશ્રની ટીકા.

૨. (૧) પહેલી ભૂમિકામાં અહંત્વ-મમત્વ બુદ્ધિની જાગૃતિ નથી હોતી, માત્ર તેવી જાગૃતિની બીજ રૂપે યોગ્યતા હોય છે, તેથી તે બીજજાગ્રત કહેવાય છે. આ ભૂમિકા વનસ્પતિ જેવા ક્ષુદ્ર નિકાયમાં માની શકાય. (૨) બીજી ભૂમિકામાં અહંત્વ-મમત્વ બુદ્ધિ અલ્પાંશે જાગે છે, તેથી તે જાગ્રત કહેવાય છે. આ ભૂમિકા કીટ, પતંગ, પશુ, પક્ષીમાં માની શકાય. (૩) ત્રીજી ભૂમિકામાં અહંત્વ-મમત્વ બુદ્ધિ વિશેષ પુષ્ટ હોય છે, તેથી તે મહાજાગ્રત કહેવાય છે. આ ભૂમિકા મનુષ્ય, દેવ આદિ નિકાયમાં માની શકાય. (૪) ચોથી ભૂમિકામાં જાગ્રત અવસ્થાના મનોરાજ્ય—ભ્રમનો સમાવેશ થાય છે; જેમકે એકને બદલે બે ચંદ્ર દેખાવા, છીપમાં રૂપાનું ભાન અને ઝાંઝવામાં પાણીની બુદ્ધિ. આ હેતુથી આ ભૂમિકા જાગ્રતસ્વપ્ન કહેવાય છે. (૫) પાંચમી ભૂમિકામાં નિદ્રા વખતે આવેલ સ્વપ્નનું જાગ્યા બાદ જે ભાન થાય છે તેનો સમાવેશ છે, તેથી તે સ્વપ્ન કહેવાય છે. (૬) છઠ્ઠી ભૂમિકામાં વર્ષોનાં વર્ષો સુધી ચાલુ રહેલ સ્વપ્નનો સમાવેશ થાય છે. આ સ્વપ્ન શરીરપાત થાય છતાં પણ ચાલુ રહે છે, તેથી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જ્ઞાનમય સ્થિતિના પણ સાત ભાગ કરી તેને સાત ભૂમિકાઓના નામથી ઓળખાવ્યા છે; જેમકે (૧) શુભેચ્છા, (૨) વિચારણા, (૩) તનુમાનસા, (૪) સત્ત્વાપત્તિ, (૫) અસંસક્તિ, (૬) પદાર્થાભાવની, અને (૭) તુર્યગા.[1] સાત અજ્ઞાન ભૂમિકાઓમાં અજ્ઞાનનું પ્રાબલ્ય હોવાથી તે અવિકાસ કાળમાં ગણાવી જોઈએ; તેથી ઊલટું સાત જ્ઞાન ભૂમિકાઓમાં ક્રમશઃ જ્ઞાનવૃદ્ધિ થતી હોવાથી તે વિકાસક્રમના કાળમાં ગણાવી જોઈએ. જ્ઞાનની સાતમી ભૂમિકામાં વિકાસ પૂર્ણકલાએ પહોંચે છે. તેથી ત્યારબાદની સ્થિતિ તે મોક્ષકાળ છે.

બૌદ્ધ દર્શન

બૌદ્ધ સાહિત્યના મૌલિક ગ્રંથો પિટકના નામે ઓળખાય છે. પિટકમાં અનેક જગાએ આધ્યાત્મિક વિકાસના ક્રમનું વ્યવસ્થિત અને સ્પષ્ટ વર્ણન છે. તેમાં વ્યક્તિની છ સ્થિતિઓ કરવામાં આવી છે. તે આ પ્રમાણે: (૧) અંધપુથુજ્જન, (૨) કલ્યાણપુથુજ્જન, (૩) સોતાપન્ન, (૪) સકદાગામી, (૫)

તે સ્વપ્નજાગ્રત કહેવાય છે. (૭) સાતમી ભૂમિકા ગાઢ નિદ્રાની હોય છે, જેમાં જડ જેવી સ્થિતિ થઈ જાય છે અને કર્મો માત્ર વાસનારૂપે રહેલાં હોય છે, તેથી તે સુષુપ્તિ કહેવાય છે. ત્રીજીથી સાતમી સુધીની પાંચ ભૂમિકાઓ સ્પષ્ટપણે મનુષ્ય નિકાયમાં અનુભવાય છે. જુઓ યોગવાસિષ્ઠ, ઉત્પત્તિ પ્રકરણ ૧, સર્ગ ૧૧૭.

૧. (૧) હું મૂઢ જ શા માટે રહું? હવે તો શાસ્ત્ર અને સજ્જન દ્વારા કાંઈક આત્માવલોકન કરીશ એવી વૈરાગ્યપૂર્વક જે ઇચ્છા તે શુભેચ્છા. (૨) શાસ્ત્ર અને સજ્જનના સંસર્ગપૂર્વક વૈરાગ્યાભ્યાસને લીધે જે સદાચારમાં પ્રવૃત્તિ થવી તે વિચારણા. (૩) શુભેચ્છા અને વિચારણાને લીધે જે ઇંદ્રિયોના વિષયોમાં આસક્તિ ઘટે છે તે તનુમાનસા કહેવાય છે, કારણ કે તેમાં સંકલ્પ-વિકલ્પ ઓછા થાય છે. (૪) ત્રણ ભૂમિકાઓના અભ્યાસથી ચિત્ત સુધ્ધાંમાં પણ વિરતિ થવાથી સત્ય અને શુદ્ધ એવા આત્મામાં જે સ્થિતિ થવા પામે છે તે સત્ત્વાપત્તિ. (૫) પૂર્વની ચાર ભૂમિકાઓના અભ્યાસથી અને સમાધિના અસંગરૂપ પરિપાકથી એવી અવસ્થા થાય છે કે જેમાં ચિત્તની અંદર નિરતિશય આત્માનંદનો ચમત્કાર પુષ્ટ થયેલ હોય છે તે અસંસક્તિ ભૂમિકા. (૬) પાંચ ભૂમિકાઓના અભ્યાસથી પ્રગટ થયેલ આત્મારામ સ્થિતિને લીધે એક એવી દશા પ્રાપ્ત થાય છે કે બાહ્ય ને આભ્યંતર બધા પદાર્થોની ભાવના છૂટી જાય છે. દેહયાત્રા ફક્ત બીજાના પ્રયત્નને લઈને ચાલે છે. તે પદાર્થાભાવની ભૂમિકા. (૭) છ ભૂમિકાઓના અભ્યાસને લીધે ભેદભાવનું ભાન બિલકુલ શમી જવાથી જે એકમાત્ર સ્વભાવનિષ્ઠા પ્રાપ્ત થાય છે તે તુર્યગા. આ સાતમી તુર્યગાવસ્થા જીવન્મુક્તમાં હોય છે. વિદેહમુક્તનો વિષય ત્યારબાદની તુર્યાતીત અવસ્થા છે. જુઓ યોગવાસિષ્ઠ, ઉત્પત્તિ પ્ર૦ સ૦ ૧૧૮ તથા નિર્વાણ પ્ર૦ સ૦ ૧૨૦.

Jain Education International   For Private & Personal Use Only   www.jainelibrary.org

ઔપપાતિક, અને (૬) અરહા[1]. જેમાં પહેલી સ્થિતિ એ આધ્યાત્મિક અવિકાસનો કાળ છે. બીજી સ્થિતિમાં વિકાસનું સ્ફુરણ અલ્પાંશે અને અવિકાસનો પ્રભાવ સવિશેષ હોય છે. ત્રીજીથી છઠ્ઠી સુધીની ચારે સ્થિતિઓમાં ઉત્તરોત્તર આધ્યાત્મિક વિકાસ જ વધતો જાય છે અને તે વિકાસ છઠ્ઠી સ્થિતિમાં પૂર્ણ કલાએ પહોંચે છે. ત્યાર બાદ નિર્વાણતત્ત્વ પ્રાપ્ત થાય છે. આ બૌદ્ધ વિચારસરણીનું પૃથક્કરણ કરીએ તો એમ કહી શકાય કે પહેલી બે સ્થિતિઓ એ અવિકાસકાળ છે. ત્રીજીથી છઠ્ઠી સુધીની ચાર સ્થિતિઓ વિકાસકાળ છે અને ૭ સ્થિતિઓ પછી નિર્વાણકાળ છે.

જૈન દર્શન

જૈન સાહિત્યના પ્રાચીન ગ્રંથો, જે આગમના નામથી ઓળખાય છે, તેમાં મુખ્યાં આધ્યાત્મિક વિકાસનાં ક્રમ સંબંધી વિચારો વ્યવસ્થિત રીતે મળી આવે છે. તેમાં આત્મિક સ્થિતિના ચૌદ વિભાગો કરવામાં આવ્યા છે જે ગુણસ્થાનને[2] નામે ઓળખાય છે. તે ગુણસ્થાનો આ પ્રમાણે :

---

૧. (૧–૨) પુથુજ્જન એટલે સામાન્ય મનુષ્ય, તેના અંધપુથુજ્જન અને કલ્યાણપુથુજ્જન એવા બે ભેદો છે. યથા—

> दुवे पुथुज्जना वुत्ता बुद्धेनादिच्चबंधुना ।
> अंधो पुथुज्जनो एको कल्याणेको पुथुज्जनो ॥
>
> —મજ્ઝિમનિકાય, મૂળ પરિયાય, સુત્તવણ્ણના.

આ બન્નેમાં સંયોજના (બંધન) તો દશે હોય છે, છતાં અંતર એટલું જ કે પહેલાને આર્યદર્શન અથવા સત્સંગ પ્રાપ્ત થયેલ નથી હોતાં, જ્યારે બીજાને પ્રાપ્ત થયેલ છે. આ બંને નિર્વાણમાર્ગથી પરાઙ્મુખ હોય છે. (૩) નિર્વાણમાર્ગને પ્રાપ્ત થયેલાના ચાર પ્રકાર છે. જેણે ત્રણ સંયોજનાનો ક્ષય કર્યો હોય તે સોતાપન્ન. (૪) જેણે ત્રણનો ક્ષય અને પછીની બેનું શૈથિલ્ય કર્યું હોત તે સકૃદાગામી. (૫) જેણે પાંચેનો ક્ષય કર્યો હોય તે ઔપપાતિક. (૬) જેણે દશે સંયોજનાનો ક્ષય કર્યો હોય તે અરહા. સોતાપન્ન વધારેમાં વધારે સાત વાર મનુષ્યલોકમાં અવતરે છે, ત્યાર બાદ અવશ્ય નિર્વાણ પામે છે. ઔપપાતિક બ્રહ્મલોકમાંથી જ નિર્વાણ પામે છે. અરહા તે સ્થિતિમાંથી જ નિર્વાણ મેળવે છે. દશ સંયોજનાઓ માટે જુઓ અંગુત્તરનિકાય, પૃ. ૧૭, ફુટનોટ ૧૩ અને મજ્ઝિમનિકાય તથા બુદ્ધ, ધર્મ આણિ સંઘ (મરાઠી) પૃ. ૯૯.

૨. ગુણસ્થાન—ગુણ એટલે આત્માની ચેતના, સમ્યક્ત્વ, ચારિત્ર, વીર્ય આદિ શક્તિઓ. સ્થાન એટલે તે શક્તિઓની શુદ્ધતાની તરતમભાવવાળી અવસ્થાઓ. આત્માના સહજ ગુણો વિવિધ આવરણોથી સંસારદશામાં આવૃત છે. જેમ જેમ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૧) મિથ્યાદૃષ્ટિ,[1] (૨) સાસ્વાદન, (૩) સમ્યક્‌મિથ્યાદૃષ્ટિ, (૪) અવિરત સમ્યગ્દૃષ્ટિ, (૫) દેશવિરતિ (વિરતાવિરત), (૬) પ્રમત્તસંયત, (૭) અપ્રમત્તસંયત. (૮) અપૂર્વકરણ (નિવૃત્તિબાદર), (૯) અનિવૃત્તિબાદર, (૧૦) સૂક્ષ્મસંપરાય, (૧૧) ઉપશાંતમોહ, (૧૨) ક્ષીણમોહ, (૧૩) સયોગકેવલી, (૧૪) અયોગકેવલી.[2] પ્રથમ ગુણસ્થાન એ અવિકાસ-

આવરણોની વિરલતા કે ક્ષયનું પ્રમાણ જેટલું વિશેષ તેટલી ગુણોની શુદ્ધિ વિશેષ અને આવરણોની વિરલતા કે ક્ષયનું પ્રમાણ જેટલું ઓછું તેટલી ગુણોની શુદ્ધિ ઓછી. આ રીતે આત્મિક ગુણોની શુદ્ધિના પ્રકર્ષ કે અપકર્ષવાળા અસંખ્યાત પ્રકારો સંભવે છે, પણ સંક્ષેપમાં તેને ચૌદ ભાગમાં વહેંચી નાખેલા છે, જે ગુણસ્થાન કહેવાય છે. ગુણસ્થાનની કલ્પના મુખ્યતયા મોહનીય કર્મની વિરલતા અને ક્ષયને આધારે કરવામાં આવી છે. મોહનીય કર્મની મુખ્ય બે શક્તિઓ છે. પહેલી શક્તિનું કાર્ય આત્માના સમ્યક્ત્વ ગુણને આવૃત કરવાનું છે જેથી આત્મામાં તાત્ત્વિક રુચિ કે સત્યદર્શન થવા પામતું નથી. બીજી શક્તિનું કાર્ય આત્માના ચારિત્ર ગુણને આવૃત કરવાનું છે, જેથી આત્મા તાત્ત્વિક રુચિ કે સત્યદર્શન થયા છતાં પણ તદનુસાર પ્રવૃત્તિ કરી સ્વરૂપલાભ કરી શકતો નથી. સમ્યક્ત્વની પ્રતિબંધક એવી મોહનીયની પ્રથમ શક્તિ દર્શનમોહનીય અને ચારિત્રની પ્રતિબંધક એવી મોહનીયની બીજી શક્તિ ચારિત્રમોહનીય કહેવાય છે. આ બેમાં દર્શનમોહનીય પ્રબળ છે, કારણ કે જ્યાં સુધી તેની વિરલતા કે ક્ષય ન થાય ત્યાં સુધી ચારિત્રમોહનીયનું બળ ઘટતું નથી. દર્શન-મોહનીયનું બળ ઘટ્યું એટલે ચારિત્રમોહનીય ક્રમે ક્રમે નિર્બળ થઈ છેવટે સર્વથા ક્ષીણ થવાનું જ. સમસ્ત કર્માવરણોમાં પ્રધાનતમ અને બલવત્તમ મોહનીય જ છે. તેનું કારણ એ છે કે જ્યાં સુધી મોહનીયની શક્તિ તીવ્ર હોય ત્યાં સુધી અન્ય આવરણો તીવ્ર જ રહે છે અને તેની શક્તિ ઘટતાં જ અન્ય આવરણોનું બળ મંદ થતું જાય છે. આ જ કારણથી ગુણસ્થાનોની કલ્પના મોહનીય કર્મના તરતમભાવને આધારે કરવામાં આવી છે.

૧. જુઓ સમવાયાંગ, ૧૪ મો સમવાય.

૨. (૧) જે અવસ્થામાં દર્શનમોહનીયની પ્રબળતાને લીધે સમ્યક્ત્વ ગુણ આવૃત થયેલો હોવાથી આત્માની તત્ત્વરુચિ જ પ્રગટી શકતી નથી અને જેથી તેની દૃષ્ટિ મિથ્યા (સત્ય વિરુદ્ધ) હોય છે તે અવસ્થા મિથ્યાદૃષ્ટિ. (૨) અગિયારમા ગુણસ્થાનથી પતિત થઈ પ્રથમ ગુણસ્થાન ઉપર આવતાં વચ્ચે બહુ જ થોડા વખત સુધી જે અવસ્થા પ્રાપ્ત થાય છે તે અવસ્થા સાસ્વાદન. આનું સાસ્વાદન નામ એટલા માટે છે કે તેમાં પતનોન્મુખ આત્માને તત્ત્વરુચિનો સ્વલ્પ પણ આસ્વાદ હોય છે, જેવી રીતે મિષ્ટાન્નના ભોજન બાદ ઊલટી થતી વખતે એક વિલક્ષણ સ્વાદ હોય છે. આ બીજું ગુણસ્થાન પતનોન્મુખ આત્માને જ હોય છે. (૩) હીંચકે હીંચતા માણસની પેઠે જે અવસ્થામાં આત્મા દોલાયમાન હોય છે, જેને લીધે તે સર્વથા સત્યદર્શન કરી શકતો નથી કે સર્વથા મિથ્યાદૃષ્ટિની સ્થિતિમાં રહી શકતો નથી અર્થાત્ તેની સંશયળુ જેવી સ્થિતિ બની જાય છે, તે અવસ્થા સમ્યક્‌મિથ્યાદૃષ્ટિ. આ ગુણસ્થાનમાં દર્શનમોહનીયનું વિષ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કાળ છે. બીજા અને ત્રીજા એ બે ગુણસ્થાનમાં વિકાસનું સહજ સ્ફુરણ હોય છે, પણ તેમાં પ્રબળતા અવિકાસની જ હોય છે. ચોથાથી વિકાસ ક્રમશઃ વધતાં વધતાં તે છેવટે ચૌદમા ગુણસ્થાને પૂર્ણ કલાએ પહોંચે છે અને ત્યારબાદ મોક્ષ પ્રાપ્ત થાય છે. જૈન વિચારસરણીનું પૃથક્કરણ એટલું જ કરી શકાય કે પહેલાં ત્રણ ગુણસ્થાનો એ અવિકાસકાળ છે અને ચોથાથી ચૌદમા સુધીનાં ગુણસ્થાનો વિકાસ અને તેની વૃદ્ધિનો કાળ છે; ત્યારબાદ મોક્ષકાળ છે.

આ પ્રાચીન જૈન વિચારને હરિભદ્રસૂરિએ બીજી રીતે પણ વર્ણવ્યો છે.

પ્રથમ જેટલું તીવ્ર રહેતું નથી, પણ તે હોય છે ખરું. (૪) જે અવસ્થામાં દર્શનમોહનીયનું બળ કાં તો બિલકુલ શમી જાય છે કે વિરલ થઈ જાય છે, અને કાં તો બિલકુલ ક્ષીણ થઈ જાય છે જેને લીધે આત્મા અસંદિગ્ધપણે સત્યદર્શન કરી શકે છે, આ અવસ્થા અવિરતસમ્યગ્દષ્ટિ. આનું અવિરત નામ એટલા માટે છે કે તેમાં ચારિત્રમોહનીયની સત્તા સવિશેષ હોવાથી વિરતિ (ત્યાગવૃત્તિ) ઉદય પામતી નથી. (૫) જે અવસ્થામાં સત્યદર્શન ઉપરાંત અલ્પાંશે પણ ત્યાગવૃત્તિનો ઉદય થાય છે તે દેશવિરતિ. આમાં ચારિત્રમોહનીયની સત્તા અવશ્ય ઘટેલી હોય છે અને તેની કમીના પ્રમાણમાં ત્યાગવૃત્તિ હોય છે. (૬) જે અવસ્થામાં ત્યાગવૃત્તિ પૂર્ણ રીતે ઉદય પામે છે છતાં વચ્ચે વચ્ચે પ્રમાદ (સ્ખલન) સંભવે છે, તે પ્રમત્તસંયત. (૭) જે અવસ્થામાં પ્રમાદનો જરાયે સંભવ નથી તે અપ્રમત્તસંયત. (૮) જે અવસ્થામાં પહેલાં ક્યારે પણ નહિ અનુભવેલ આત્મશુદ્ધિનો અનુભવ થાય છે અને અપૂર્વ વીર્યોલ્લાસ—આત્મિક સામર્થ્ય પ્રગટે છે તે અવસ્થા અપૂર્વકરણ. આનું બીજું નામ નિવૃત્તિબાદર પણ છે. (૯) જે અવસ્થામાં ચારિત્રમોહનીય કર્મના શેષ રહેલ અંશોને શમાવવાનું કે ક્ષીણ કરવાનું કામ ચાલતું હોય છે, તે અવસ્થા અનિવૃત્તિબાદર. (૧૦) જે અવસ્થામાં મોહનીયનો અંશ લોભ રૂપે જ ઉદયમાન હોય છે અને તે પણ બહુ સૂક્ષ્મ પ્રમાણમાં, તે અવસ્થા સૂક્ષ્મસંપરાય. (૧૧) જે અવસ્થામાં સૂક્ષ્મ લોભ સુધ્ધાં શમી જાય છે, તે ઉપશાંતમોહનીય. આ ગુણસ્થાનમાં દર્શનમોહનીયનો સર્વથા ક્ષય સંભવે ખરો, પણ ચારિત્રમોહનીયનો તેવો ક્ષય નથી હોતો, માત્ર તેની સર્વાંશે ઉપશાંતિ હોય છે. આને લીધે જ મોહનો ફરી ઉદ્રેક થતાં આ ગુણસ્થાનથી અવશ્ય પતન થાય છે અને પ્રથમ ગુણસ્થાન સુધી જવું પડે છે. (૧૨) જે અવસ્થામાં દર્શનમોહનીય અને ચારિત્રમોહનીયનો સર્વથા ક્ષય થઈ જાય છે તે ક્ષીણમોહનીય. આ સ્થિતિથી પતન સંભવતું જ નથી. (૧૩) જે અવસ્થામાં મોહના આત્યંતિક તઅભાવને લીધે વીતરાગ દશા પ્રગટવા સાથે સર્વજ્ઞપણું પ્રાપ્ત થાય છે તે અવસ્થા સયોગ ગુણસ્થાન. આ ગુણસ્થાનમાં શારીરિક, માનસિક અને વાચિક વ્યાપાર હોય છે. એથી આને જીવન્મુક્તિ કહી શકાય. (૧૪) જે અવસ્થામાં શારીરિક, માનસિક, વાચિક પ્રવૃત્તિનો પણ અભાવ થઈ જાય છે તે અયોગ ગુણસ્થાન. આ ગુણસ્થાન છેલ્લું છે. તેથી શરીરપાત થતાં જ તેની સમાપ્તિ થાય છે અને ત્યાર બાદ ગુણસ્થાનાતીત—વિદેહમુક્તિ પ્રાપ્ત થાય છે. આ માટે જુઓ કર્મગ્રંથ બીજો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેઓના વર્ણનમાં બે પ્રકાર છે : પહેલા પ્રકારમાં અવિકાસ અને વિકાસક્રમ બન્નેનો સમાવેશ કરેલ છે[1]. અવિકાસ કાળને તેઓ ઓઘદૃષ્ટિના નામથી અને વિકાસક્રમને સદ્દૃષ્ટિના નામથી ઓળખાવે છે[2]. સદ્દૃષ્ટિના મિત્રા, તારા, બલા, દીપ્રા, સ્થિરા, કાન્તા, પ્રભા અને પરા એવા આઠ વિભાગ કરે છે. આ આઠે વિભાગોમાં ઉત્તરોત્તર વિકાસનો ક્રમ વધતો જાય છે. પહેલી

---

૧. જુઓ યોગદૃષ્ટિસમુચ્ચય.

૨. દૃષ્ટિ એટલે દર્શન અથવા બોધ. આના બે પ્રકાર છે. પહેલામાં સત્ શ્રદ્ધાનો (તાત્ત્વિક રુચિનો) અભાવ હોય છે જ્યારે બીજામાં સત્ શ્રદ્ધા હોય છે. પહેલો પ્રકાર ઓઘદૃષ્ટિ અને બીજો યોગદૃષ્ટિ કહેવાય છે. પહેલામાં આત્માનું વલણ સંસારપ્રવાહ તરફ અને બીજામાં આધ્યાત્મિક વિકાસ તરફ હોય છે. તેથી યોગદૃષ્ટિ એ સદ્દૃષ્ટિ કહેવાય છે. જેમ સમેઘ રાત્રિ, અમેઘ રાત્રિ; સમેઘ દિવસ અને અમેઘ દિવસમાં અનુક્રમે અતિમંદતમ, મંદતમ, મંદતર અને મંદ ચાક્ષુષ જ્ઞાન હોય છે. તેમાંય ગ્રહાવિષ્ટ અને ગ્રહમુક્ત પુરુષના ભેદથી, બાળ અને તરુણ પુરુષના ભેદથી, તેમ જ વિકૃત નેત્રવાળા અને અવિકૃત નેત્રવાળા પુરુષના ભેદથી ચાક્ષુષ જ્ઞાનની અસ્પષ્ટતા કે સ્પષ્ટતા તરતમભાવે હોય છે; તેવી રીતે ઓઘદૃષ્ટિની દશામાં સંસાર-પ્રવાહનું વલણ છતાં આવરણના તરતમભાવે જ્ઞાન તારતમ્યવાળું હોય છે. આ ઓઘદૃષ્ટિ ગમે તેવી હોય તોયે તે આધ્યાત્મિક વિકાસની દૃષ્ટિએ અસદ્દૃષ્ટિ જ છે. ત્યારબાદ જ્યારથી આધ્યાત્મિક વિકાસનો આરંભ થાય છે, પછી ભલે તેમાં બાહ્ય જ્ઞાન ઓછું હોય છતાં, ત્યારથી સદ્દૃષ્ટિ શરૂ થાય છે, કારણ કે તે વખતે આત્માનું વલણ સંસારોન્મુખ ન રહેતાં મોક્ષોન્મુખ થઈ જાય છે. આ સદ્દૃષ્ટિ (યોગદૃષ્ટિ)ના વિકાસના તારતમ્ય પ્રમાણે આઠ ભેદો છે. આ આઠ ભેદોમાં ઉત્તરોત્તર બોધ અને સવિશેષ જાગૃતિ થાય છે. પહેલી મિત્રા નામક દૃષ્ટિમાં બોધ અને વીર્યનું બળ તૃણાગ્નિની પ્રભા જેવું હોય છે. બીજી તારા દૃષ્ટિમાં છાણાના અગ્નિની પ્રભા જેવું, ત્રીજી બલા દૃષ્ટિમાં લાકડાના અગ્નિની પ્રભા જેવું, ચોથી દીપ્રા દૃષ્ટિમાં દીવાની પ્રભા જેવું, પાંચમી સ્થિરા દૃષ્ટિમાં રત્નની પ્રભા જેવું, છઠ્ઠી કાન્તા દૃષ્ટિમાં નક્ષત્રની પ્રભા જેવું, સાતમી પ્રભા દૃષ્ટિમાં સૂર્યની પ્રભા જેવું, અને આઠમી પરા દૃષ્ટિમાં ચંદ્રની પ્રભા જેવું હોય છે.

જોકે આમાંની પહેલી ચાર દૃષ્ટિઓમાં સ્પષ્ટપણે જ્ઞેય આત્મસ્વરૂપનું સંવેદન નથી હોતું, ફક્ત છેલ્લી ચાર દૃષ્ટિઓમાં જ તેનું સંવેદન હોય છે, છતાં પ્રથમની ચાર દૃષ્ટિઓને સદ્દૃષ્ટિમાં ગણવાનું કારણ એ છે કે તે સ્થિતિમાં આવ્યા પછી આધ્યાત્મિક ઉત્ક્રાંતિનો માર્ગ નિશ્ચિત થઈ જાય છે. યોગના યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ એ આઠ અંગોને આધારે સદ્દૃષ્ટિના આઠ વિભાગો સમજવાના છે. પહેલી દૃષ્ટિમાં યમની સ્થિરતા, બીજીમાં નિયમની, એમ અનુક્રમે આઠમીમાં સમાધિની સ્થિરતા મુખ્યપણે હોય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મિત્રા આદિ ચાર દૃષ્ટિઓમાં આધ્યાત્મિક વિકાસ હોય છે ખરો, પણ તેમાં કાંઈક અજ્ઞાન અને મોહનું પ્રાબલ્ય રહે છે, જ્યારે સ્થિરા આદિ પાછલી ચાર દૃષ્ટિઓમાં જ્ઞાન અને નિર્મોહતાનું પ્રાબલ્ય વધતું જાય છે. બીજા પ્રકારના[1] વર્ણનમાં તે આચાર્યે માત્ર આધ્યાત્મિક વિકાસના ક્રમનું જ યોગરૂપે[2] વર્ણન કર્યું છે; તે પહેલાંની સ્થિતિ વર્ણવી નથી. યોગના તેઓએ અધ્યાત્મ, ભાવના, ધ્યાન, સમતા અને વૃત્તિક્ષય એવા પાંચ ભાગો કરેલા છે.[3]

આ બન્ને પ્રકારનાં વર્ણનો એ પ્રાચીન જૈન ગુણસ્થાનકના વિચારોનું નવીન પદ્ધતિએ વર્ણન માત્ર છે.

આજીવક દર્શન

આ દર્શનનાં સ્વતંત્ર સાહિત્ય અને સંપ્રદાય નથી, તથાપિ તેના આધ્યાત્મિક વિકાસક્રમ સંબંધી વિચારો બૌદ્ધ ગ્રંથમાં સચવાઈ રહેલ છે. જોકે

---

૧. જુઓ યોગબિંદુ.

૨. યોગ એટલે જેનાથી મોક્ષ પ્રાપ્ત કરી શકાય તેવો ધર્મવ્યાપાર. અનાદિ કાળચક્રમાં જ્યાં સુધી આત્માની પ્રવૃત્તિ સ્વરૂપ-પરાઙ્મુખ હોઈ લક્ષ્યભ્રષ્ટ હોય છે, ત્યાં સુધીની તેની બધી ક્રિયા શુભાશય વિનાની હોવાથી યોગકોટિમાં આવતી નથી. જ્યારથી તેની પ્રવૃત્તિ બદલાઈ સ્વરૂપોન્મુખ થાય છે ત્યારથી જ તેની ક્રિયામાં શુભાશયનું તત્ત્વ દાખલ થાય છે અને તેથી તેવો શુભાશયવાળો વ્યાપાર ધર્મવ્યાપાર કહેવાય છે અને તે પરિણામે મોક્ષજનક હોઈ યોગ નામને પાત્ર બને છે. આ રીતે આત્માના અનાદિ સંસારકાળના બે ભાગ થઈ જાય છે : એક અધાર્મિક અને બીજો ધાર્મિક. અધાર્મિક કાળમાં ધર્મની પ્રવૃત્તિ હોય તોપણ તે ધર્મ ખાતર નથી હોતી, કેવળ 'લોકપક્તિ' (લોકરંજન) ખાતર હોય છે. તેથી તેવી પ્રવૃત્તિ ધર્મકોટિમાં ગણવાયોગ્ય નથી. ધર્મ ખાતર ધર્મની પ્રવૃત્તિ ધાર્મિક કાળમાં જ શરૂ થાય છે, તેથી તે પ્રવૃત્તિ યોગ કહેવાય છે. જુઓ યોગબિંદુ.

૩. (૧) જ્યારે થોડા કે ઘણા ત્યાગ સાથે શાસ્ત્રીય તત્ત્વચિંતન હોય છે અને મૈત્રી, કરુણાદિ ભાવનાઓ વિશેષ સિદ્ધ થઈ જાય છે, ત્યારે તે સ્થિતિ અધ્યાત્મ કહેવાય છે. (૨) જ્યારે મન સમાધિપૂર્વક સતત અભ્યાસ કરવાથી અધ્યાત્મ વડે સવિશેષ પુષ્ટ થાય છે, ત્યારે તે ભાવના છે. ભાવનાથી અશુભ અભ્યાસ ટળે છે, શુભ અભ્યાસની અનુકૂળતા વધે છે અને સુંદર ચિત્તની વૃદ્ધિ થાય છે. (૩) જ્યારે ચિત્ત ફક્ત શુભ વિષયને જ આલંબીને રહેલું હોય છે, અને તેથી તે સ્થિર દીપક જેવું પ્રકાશમાન હોઈ સૂક્ષ્મ બોધવાળું બની જાય છે ત્યારે તે ધ્યાન કહેવાય છે. ધ્યાનથી દરેક કામમાં ચિત્ત આત્માધીન થઈ જાય છે, ભાવ નિશ્ચલ થાય છે અને બંધનોનો વિચ્છેદ થાય છે. (૪) અજ્ઞાનને લીધે ઇષ્ટ-અનિષ્ટરૂપે કલ્પાયેલી વસ્તુઓમાંથી જ્યારે વિવેકને લીધે ઇષ્ટ-અનિષ્ટપણાની ભાવના નષ્ટ થાય છે ત્યારે તેવી સ્થિતિ સમતા કહેવાય છે. (૫) વાસનાના સંબંધથી ઉત્પન્ન થનારી વૃત્તિઓનો નિર્મૂળ નિરોધ કરવો તે વૃત્તિસંક્ષય. જુઓ યોગબિંદુ શ્લો. ૩૫૭ થી ૩૬૫.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સંપ્રદાય ન હોવાથી તે વિચારોનો સ્પષ્ટ ખુલાસો તે ગ્રંથમાં નથી જણાતો, તોપણ તે વિચારો જેવા મળે છે તેવા સંગ્રહવા જરૂરના છે.[1] આજીવક દર્શન આધ્યાત્મિક આઠ પાયરીઓ માને છે. તે આ પ્રમાણે: મંદ, ખિડ્ડા, પદવીમંસા, ઉજુગત, સેખ, સમણ, જિન અને પન્ન. આ આઠમાં પ્રથમની ત્રણ અવિકાસ અને પાછળની પાંચ ભૂમિકાઓ વિકાસક્રમની જણાય છે. ત્યારબાદ મોક્ષકાળ હોવો જોઈએ.

—પુરાતત્ત્વ પુસ્તક ૧ માંથી ઉદ્ધૃત.

---

૧. મજ્ઝિમનિકાય નામના પ્રાચીન બૌદ્ધ ગ્રંથના સામઞ્ઞફલસુત્ત પ્રકરણમાં આજીવક સંપ્રદાયના નેતા મંખલી ગોશાળનો ઉલ્લેખ છે અને મૂળમાં તેના કેટલાક વિચારો આપેલા છે. આ ગ્રંથની બુદ્ધઘોષકૃત સુમંગલવિલાસિની ટીકામાં આજીવક દર્શનની આઠ પાયરીઓનું વર્ણન છે, જે આ પ્રમાણે છે: (૧) જન્મ દિવસથી સાત દિવસ સુધી ગર્ભનિષ્ક્રમણજન્ય દુઃખને લીધે પ્રાણી મંદ (મોમુહ) સ્થિતિમાં રહે છે. આ પહેલી મંદ ભૂમિકા. (૨) દુર્ગતિમાંથી આવીને જે બાળકે જન્મ લીધેલો હોય છે તે વારંવાર રુએ અને વિલાપ કરે છે, તેમ જ સુગતિમાંથી આવી જન્મ લીધેલ બાળક સુગતિનું સ્મરણ કરી હાસ્ય કરે છે. આ ખિડ્ડા (ક્રીડા) ભૂમિકા. (૩) માબાપના હાથ કે પગ પકડીને અગર ખાટલો કે બાજોઠ પકડીને બાળક જમીન ઉપર પગ માંડે છે, તે પદવીમંસા ભૂમિકા. (૪) પગથી સ્વતંત્ર રીતે, ચાલવાનું સામર્થ્ય આવે છે તે ઉજુગત (ઋજુગત) ભૂમિકા. (૫) શિલ્પકળા શીખવાનો વખત તે સેખ (શૈક્ષ) ભૂમિકા. (૬) ઘરથી નીકળી સંન્યાસ લીધેલ વખત તે સમણ (શ્રમણ) ભૂમિકા. (૭) આચાર્યને સેવી જ્ઞાન મેળવવાનો વખત તે જિન ભૂમિકા. (૮) પ્રાજ્ઞ થયેલ ભિક્ષુ (જિન) જ્યારે કાંઈ પણ નથી બોલતો તેવા નિર્લોભ શ્રમણની સ્થિતિ એ પન્ન (પ્રાજ્ઞ) ભૂમિકા.

આ આઠ ભૂમિકાઓનાં નામ અને તેની વ્યાખ્યા બુદ્ધઘોષે આપેલ છે. બુદ્ધઘોષના વખતમાં એટલે ઈ. સ. પાંચમા–છઠ્ઠા સૈકામાં કદાચ આજીવક સંપ્રદાય અગર તેનું સાહિત્ય થોડુંઘણું હશે, તે ઉપરથી તેને આ નામો મળ્યા હશે, પણ એટલું તો સ્પષ્ટ જણાય છે કે બુદ્ધઘોષની આ વ્યાખ્યા યુક્તિસંગત નથી, કારણ એ છે કે તેની એ વ્યાખ્યામાં બાળકના જન્મથી માંડી યૌવનકાળ સુધીનું વ્યાવહારિક વર્ણન છે જે આધ્યાત્મિક વિકાસ સાથે બંધબેસતું નથી. તેનો ખરો અર્થ તે સંપ્રદાય પ્રમાણે શો હશે તે અત્યારે સાધનના અભાવે કહી ન શકાય, પણ એ ભૂમિકાઓનાં નામ અને તેમાં રહેલ આધ્યાત્મિક વિકાસના ક્રમનો સંબંધ વિચારતાં એમ જણાય છે કે આ ભૂમિકાઓનો જન્મ સાથે કશો સંબંધ નથી. તે દ્વારા ફક્ત અજ્ઞાનની પ્રબળતાઓ અને જ્ઞાનની ક્રમશઃ વૃદ્ધિનો જ ભાવ સૂચવવાનો આશય હોય તેમ જણાય છે. આની પુષ્ટિમાં એટલું જ કહી શકાય કે આજીવક દર્શન એ પ્રાચીન કાળમાં શ્રમણપંથોમાંનું એક ખાસ દર્શન હતું અને તેનો સંપ્રદાય મોટો હતો. તેવી સ્થિતિમાં તેના આધ્યાત્મિક ઉત્ક્રાન્તિને લગતા વિચારો અન્ય શ્રમણપંથને અગર બ્રાહ્મણપંથને મળતા હોય તે વધારે સંભવિત છે. પ્રો. હોર્નલે પોતાના ઉવાસગદસાઓના અનુવાદમાં ભા. ૨ ના પરિશિષ્ટના પૃ. ૨૩ ઉપર બુદ્ધઘોષના ઉક્ત વિચારો આપ્યા છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org